મુખ્યમંત્રીજી અહીં પણ જોજો

દ.ગુ.માં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આજે 700 કરોડનાં વિકાસનાં કામોનું ખાતમુહૂર્ત કરશે, ત્યારે બારડોલી-નવસારી સ્ટેટ હાઈવેના બે જર્જરિત પુલ, ભયજનક વળાંક છતાં તેની અવગણના

વિકાસનો 'માર્ગ' કાંટાળો

700 કરોડનાં કામોમાં આ રસ્તો અને જોખમી પુલો કેમ ભુલાયા?

બારડોલીઃ થોડા સમય પૂર્વે પાદરાના ગંભીરા પુલ પર સર્જાયેલી કરુણાંતિકા બાદ રાજ્યમાં અનેક પુલ નવા રહ્યા છે. પરંતુ બારડોલીથી નવસારીને જોડતા રાજ્ય ધોરી માર્ગ નં.૪૪ પર અડધી સદી જૂના બે પુલ અત્યંત જર્જરિત હાલતમાં હોવા છતાં, તેના પરથી હજારો વાહનો જીવના જોખમે પસાર થઈ રહ્યાં છે. શુક્રવારે મુખ્યમંત્રી અંબિકા તાલુકામાં 700 કરોડના રસ્તા, પુલો સહિતના વિકાસનાં કામોનું ખાતમુહૂર્ત કરનાર છે, જેમાં આ મહત્ત્વપૂર્ણ ગણાતા અને જોખમી વળાંકવાળા બારડોલી-નવસારી રોડ અને તેના બે જર્જરિત પુલનો સમાવેશ કરવામાં આવ્યો નથી. માર્ગ અને મકાન વિભાગ દ્વારા માત્ર 'લીપાપોતી' કરીને સંતોષ મનાઈ રહ્યો છે, ત્યારે સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

બારડોલીથી નવસારી જતો રાજ્ય ધોરી માર્ગ નં.૪૪થી દાંડીથી માંડવી સુધીમાં ત્રણ રાષ્ટ્રીય રાજમાર્ગને જોડે છે. આ રસ્તો 24 કલાક ટ્રાફિકથી ધમધમતો રહે છે. બારડોલીથી સરભોણ સુધી આ રોડ પર ભજયન વળાંક આવેલા છે. એટલું જ નહીં તાજપોર કોલેજ નજીક ડભોઇ ખાડી પર આવેલો પુલ વર્ષ-1965માં બન્યો હતો. આજે 60 વર્ષે આ પુલની હાલત કફોડી છે. સિમેન્ટની રેલિંગ તૂટી પડતાં વિભાગે લોખંડની રેલિંગ લગાવી દીધી છે, પરંતુ પુલનું મૂળ સ્ટ્રક્ચર અંદરથી ખોખલું થઈ ચૂક્યું છે. આવી જ સ્થિતિ સરભોણ પાસેની રગડ ખાડી પરના 50 વર્ષ જૂના પુલની છે. આ બંને પુલ ભયજનક વળાંક પર આવેલા હોવાથી વાહનો અવારનવાર રેલિંગ સાથે અથડાય છે, જેનાથી જોખમ સતત વધી રહ્યું છે.

રોડ 10 ફૂટ પહોળા, પુલ હજુ પણ 6થી 7 ફૂટના જ!

બારડોલી-નવસારી માર્ગને પહોળો કરવામાં આવતા રોડની પહોળાઈ 10 ફૂટ થઈ ગઈ છે, પરંતુ પુલ હજુ પણ 6થી 7 ફૂટના જ છે. રસ્તો પહોળો અને પુલ સાંકડા હોવાને કારણે અહીં અકસ્માતની સંભાવના અનેકગણી વધી ગઈ છે. અનેક લોકો આ પુલ પર અકસ્માતનો ભોગ બન્યા છે. આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દક્ષિણ ગુજરાત સહિત સુરત જિલ્લામાં 696 કરોડનાં વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવાના છે, જેમાં બારડોલીથી મહુવા રોડને ફોરલેન કરવાની કામગીરી પણ સામેલ છે. જો કે, હજારો વિદ્યાર્થીઓ અને વાહનચાલકો માટે જોખમી બનેલા ભયજનક વળાંકવાળો બારડોલી-નવસારી હાઈવે તથા તેના આ બે પુલનો સમાવેશ આ યાદીમાં નથી. વિસ્તારના લોકોની માંગ છે કે મુખ્યમંત્રી આ ગંભીર બાબતની નોંધ લે અને ગંભીરા પુલ જેવી દુર્ઘટના બારડોલીમાં ન ઘટે એ માટે તાત્કાલિક નવા પુલના નિર્માણ માટે આદેશ આપે. સ્થાનિક નેતાઓ પણ આ બાબાબતે ધ્યાન આપે એ જરૂરી બની ગયું છે.

ચોરો પણ ગજબ: લોકો જાગી જતાં તોડેલાં તાળાં લઈ ગયા

જૂના કોસંબામાં તસ્કરોએ બે મકાનનાં તાળાં તોડ્યાં

સીસીટીવી કેમેરામાં બે બાઇક પર આવેલા પાંચ ચોર કેદ થયા

ફૂટેજ સાથે પોલીસને લેખિત ફરિયાદ

ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ શિયાળાની ગુલાબી ઠંડીની શરૂઆત સાથે તસ્કરોએ જૂના કોસંબામાં આવેલી તાજ રેસિડેન્સી સોસાયટીમાં મકાનને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો અને દરવાજાના નકૂચા તેમજ તાળાં તોડી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ લોકો જાગી જતાં પકડાઈ જવાની બીકે ગભરાયેલા ચોરો ભાગી છૂટ્યા હતા. જતા જતા તસ્કરો તોડેલાં તાળાં સાથે લઇ ગયા હતા.

ચોરોએ ચોરીના ઈરાદે સોસાયટીના મકાનના લગાવેલા બે સીસી કેમેરા પણ તોડી નાંખ્યા હતા અને મકાનને નિશાન બનાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ મકાનની સામેના મકાન પર લગાવેલા સીસી કેમેરામાં ચોરો કેદ થઈ ગયા હતા. સોસાયટીમાં ચોરી કરવાના પ્રયાસને પગલે વિસ્તારની પ્રજામાં ભયનો માહોલ છવાયો છે. બનાવ અંગે ફરિયાદ દાખલ કરવા સીસીટીવી કેમેરા ફૂટેજ સાથે કાસમભાઇ સુલેમાનભાઈએ બનેલી ઘટનાની યોગ્ય તપાસ કરવા અને ચોરને પકડવા માટે લેખિત ફરિયાદ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાંકલમાં વાજપેયીની જન્મજયંતી ઉજવાઈ

વિનોદ મૈસુરીયા

વાંકલઃ માંગરોળના વાંકલ માંગરોળ ધારાસભ્ય ગણપત વસાવાના અધ્યક્ષ સ્થાને દેશના પૂર્વ વડાપ્રધાન સ્વ.અટલબિહારી વાજપેયીજીની ૧૦મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરાઈ હતી. આ સાથે મોસાલી ખાતે શાળાનાં મકાનના બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજે ૨.૦૬ કરોડના ખર્ચે તૈયાર થનાર આ નવનિર્મિત ભવનથી અહીં અભ્યાસ કરતાં બાળકોને ભૌતિક સુવિધાઓથી સજ્જ આધુનિક વર્ગખંડો અને ઓરડાઓનો લાભ મળશે. આ કાર્યક્રમમાં માંગરોળ વિધાનસભા સંયોજક દીપકભાઈ વસાવા, જિલ્લા સંગઠન મંત્રી સીતાબેન ચૌધરી, જિલ્લા પંચાયત સદસ્ય દિનેશભાઇ સુરતી, તાલુકા પંચાયત પ્રમુખ મનહરભાઇ વસાવા, તાલુકા સંગઠન પ્રમુખ-મહામંત્રી સંજયસિંહ રણા, જગદીશભાઇ પટેલ આચાર્ય દીપકભાઇ ચૌધરી અને સૂર્યસિંહ વસાવા, વિપુલ પરમાર, તાલુકા પંચાયત સદસ્યો, સરપંચો, સંગઠનના કાર્યકરો, કોલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

નિઝર પોલીસે જુગારના આરોપીને ઝડપી પાડ્યો

કુકરમુંડાઃ નિઝર પોલીસે દેવલપાડા સીમમાં વોચ ગોઠવી બુલેટ નં.(MH-39-AP-1823) પર જઈ રહેલા અભિષેક કૈલાસચંદ્ર અગ્રવાલ (રહે.,નંદુરબાર, મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર એ.આર. જાદવના માર્ગદર્શન હેઠળ થયેલી આ કાર્યવાહીમાં આરોપી પાસેથી વરલી મટકાના આંકડાની ચિઠ્ઠીઓ, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂ.૧,૧૫,૩૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો છે. તપાસમાં બહાર આવ્યું કે આરોપી એજન્ટો મારફતે જુગાર રમાડતો હતો. પોલીસે આ ગુનામાં સંડોવાયેલ અન્ય એક શખ્સ રાકેશ ગાવીત (રહે. લક્ષ્મીખેડા,તા.નિઝર)ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

સાયણમાં ગૌરક્ષકો બીમારીથી પીડાતી બે ગાયની મદદે આવ્યા

સાયણઃ સાયણ ટાઉનમાં સિવાણ રોડના પેટ્રોલપંપ સામે તથા સાયણની રસુલાબાદ સોસાયટીના જાહેર રોડ ઉપર રખડતી બે ગાય છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગંભીર બીમારીની પીડાથી કણસતી હતી. આ બાબતે સ્થાનિકોએ સાયણ સુગર રોડ ઉપર રહેતા ગૌરક્ષક પ્રમુખ કાનાભાઈ સિંધવ અને ઉપપ્રમુખ રામ પટેલને જાણ કરતાં તેઓ ઘટના સ્થળે આવ્યા હતા. બંને ગૌરક્ષકોએ બીમારીથી પીડાતી ગાયની તપાસ કરતાં એક ગાયે કોઈ ઝેરી ઘાસચારો ચરતાં તેને આફરો ચઢવાથી ગેસથી પીડાતી હતી. જ્યારે બીજી ગાયને કોઈ અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં તેને સતત ખેંચ આવી રહી હતી. જેથી તેઓએ મોટા વરાછા દુઃખીયાના દરબાર ગૌશાળાનું સંચાલન કરતાં શ્રી ૧૦૦૮ જય જય નંદી મહારાજ જીવદયા ટ્રસ્ટના જયેશ નાગરાજીનો તથા વરાછા- કોસમાડી કેનાલ રોડની વૃંદાવન ગૌશાળાના હિરલબેનનો સંપર્ક કરી પશુ એમ્બ્યુલન્સ બોલાવી બંને ગાયને સારવાર માટે રવાના કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

લાડવી પાસે આધેડનું પડી જતાં મોત

કામરેજઃ મૂળ અમરેલીના ધારીના ચલાલાના વતની અને હાલ પુણા નજીક ગજાનંદ સોસાયટીમાં મકાન નં.સી-193માં રહી બોર્ડ બેનલ લગાવવાનું કામ કરતાં પ્રફુલભાઈ દેવજીભાઈ કાકડિયા (ઉ.વ.21) ભાગીદાર ભરત રમેશ આલગીયા (રહે.,8-શ્રદ્ધા રો હાઉસ, સરથાણા જકાતનાકા)ની સાથે બુધવારે સવારે કામરેજના લાડવી ગામની હદમાં કામધેનુ ગૌ-જતન ફાર્મમાં પાણી મૂકવાના પ્લેટફોર્મ પર બોર્ડ બેનર લગાવવાનું કામ રાખેલું હોવાથી બંને ભાગીદારો ગયા હતા. સવારે આશરે 10.30 કલાકે પાણી મૂકવાના પ્લેટફોર્મ પર બોર્ડ બેનર લગાવવાનું કામ કરતાં પ્રફુલ કાકડિયા અચાનક જ પડી જતાં શરીરે ઈજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હલધરૂમાં બારીનો કાચ વાગી જતાં બાળકનું મોત

કામરેજઃ મૂળ બિહારના વતની અને હાલ કામરેજના હલધરૂ ગામમાં આવેલી સોસાયટીમાં રહેતા 16 વર્ષનો તરુણ ભાઈ-બહેન સાથે રહે છે. બુધવારે સાંજે 4 કલાકે પોતાના ઘરમાં બારીની બાજુમાં સૂતો હતો. ત્યારે બારીનો કાચ તૂટેલો હતો. જેનો કાચ 16 વર્ષના બાળક ગળાના ભાગે વાગી જતાં લોહી નીકળવા લાગતાં સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન 7.21 કલાકે મોત નીપજતાં કામરેજ પોલીસને જાણ થતાં પોલીસે અકસ્માત મોત નોંધી મરનાર બાળકનુ સુરત નવી સિવિલ હોસ્પિટલમાં પેનલ ડોક્ટરથી પીએમ કરાવવાની કાર્યવાહી હાથ ધરી છે. વધુમાં 16 વર્ષના બાળકનું મોત શંકાસ્પદ હાલતમાં હોવાથી ડોક્ટરોને પ્રાથમિક રિપોર્ટ આવ્યા બાદ કામરેજ પોલીસ આગળની કાર્યવાહી હાથ ધરશે.

નબીપુર સ્ટેશનેથી બીલીમોરાનો ઇસમ દારૂ સાથે ઝડપાયો, રૂ.16,800નો મુદ્દામાલ કબજે

ભરૂચઃ સૌરાષ્ટ્ર એક્સપ્રેસનાં આગળનાં ભાગે એક ઇસમ દારુ લઈને ભરૂચ સ્ટેશન પર ઉતરવાની બાતમી મળી હતી. જે સાથે રેલવે પોલીસે મજૂરી કામ કરતાં અલ્પેશ વિજયભાઈ રાજપૂત (ઉ.વ.23, રહે., ઓસ્રિયા મોસ્રિયા સ્કૂલની બાજુમાં, બીલીમોરા, જિ, નવસારી) પાસેથી દમણ બનાવટનો વિદેશી દારૂની અલગ અલગ બ્રાંડની કુલ 84 બોટલ કિંમત રૂ.16,800 મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જેને લિફ્ટ આપી એણે જ યુવાનના રૂપિયા 24 હજાર સેરવી લીધા

તરસાડીના યુવાનને બાઇક પર અજાણ્યાને લિફ્ટ આપવાનું ભારે પડ્યું

ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ તરસાડીમાં ગુરુવારે ધોળા દહાડે વિચિત્ર બનાવ બન્યો હતો. અજાણ્યા યુવાને મોટરસાઇકલ પર લિફ્ટ માંગી યુવાનની બેગમાંથી સિફ્તપૂર્વક 24,000 કાઢી લેતાં ભોગ બનેલા યુવાને ઘટનાની ફરિયાદ દાખલ કરવા માટે સીસીટીવી ફૂટેજ સાથે લેખિત ફરિયાદ આપી હતી.

ઘટનાની વિગત એવી છે કે, તરસાડીના વિઠ્ઠલવાડી ખાતે રહેતા વિક્રમસિંહ આનંદસિંહ પોતાની બાઇક લઈ માંગરોળના સીમોદરા ગામે કામથી જતો હતો. ત્યારે તરસાડીના તિરંગા સર્કલ નજીક એક અજાણ્યા યુવાને હાથ કરીને લિફ્ટ માંગતાં તેની બાઇક પર બેસાડ્યો હતો. જેણે યુવાને ખભે લટકાવેલી બેગમાંથી સિફ્તપૂર્વક રૂ.24,000 કાઢી લીધા હતા. બનાવ બનતા ગભરાઈ ગયેલા વિક્રમસિંહે જૂના કોસંબામાં જાહેર રોડ નજીક આવેલા સીસીટીવી કેમેરા ચેક કરતાં આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ જોવા મળી હતી. જેનાં ફૂટેજ સાથે ફરિયાદ દાખલ કરવા અને રૂપિયા કાઢી લેનાર અજાણ્યા યુવાનને પકડવા કોસંબા પોલીસમાં લેખિત ફરિયાદ આપી હતી.

બારડોલીના જોગી ફળિયામાં જુગાર રમતા 6 ઝડપાયા

રૂ.8.15 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

બારડોલીઃ બારડોલી ટાઉન પોલીસે જોગી ફળિયામાં જુગાર રમી રહેલા 6 શખ્સને રંગેહાથ ઝડપી પાડી તેમની પાસેથી રૂ.8.15 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે તમામની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલી ટાઉન પોલીસ પેટ્રોલિંગમાં હતી. એ સમયે બાતમી મળી હતી કે, બારડોલીના જોગી ફળિયામાં નિખિલ ઉર્ફે ગુલાબના ઘરના પાછળના ભાગે સુરેશભાઈના ઘર આંગણામાં જાહેરમાં બેસી કેટલાક ઈસમો ટોળું વળીને જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર છાપો માર્યો હતો. પોલીસે સ્થળ પર જુગાર રમી રહેલા નિખિલ ઉર્ફે ગુલાબ રમેશભાઈ ગામીત (ઉ.વ.25) (રહે., જોગી ફળિયા, બારડોલી), કેયૂર રોહિતભાઈ ભંડારી (ઉ.વ.31) (રહે., વેનેશિયન વિલા, ધામડોદ રોડ, બારડોલી), યોગેશ રવજીભાઇ પટેલ (ઉ.વ.38) (રહે., કરચેલિયા, કોળીવાડ, તા. મહુવા), અક્ષય મનોજભાઈ ભંડારી (ઉ.વ.25) (રહે., ભંડારીવાડ, તા.બારડોલી), સોહન ઉર્ફે શનિ કિશોરભાઇ પટેલ (ઉ.વ.31) (રહે., પાટીચાલ, ચલથાણ) અને નિખિલ રાજુભાઈ રાઠોડ (ઉ.વ.27) (રહે., જોગી ફળિયા, બારડોલી)ની ધરપકડ કરી છે. પોલીસે દાવ પરના રોકડા 62 હજાર, અંગજડતીના રોકડા રૂ.59 હજાર મળી કુલ 1.21 લાખ રોકડા, 6 મોબાઈલ ફોન કિં.રૂ.1.94 લાખ, એક ટાટા હેરિયર કાર કિં.રૂ.5 લાખ મળી કુલ 8.15 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વ્યારામાં પ્રતિબંધિત ગોગો સ્મોકિંગ પેપર સાથે એક પકડાયો

વ્યારાઃ વ્યારામાં તાપી SOGએ પ્રતિબંધિત ગોગો સ્મોકિંગ પેપર સાથે એક શખ્સને ઝડપી પાડયો હતો. ગત તા.23-12-2025ના રોજ તાપી SOGની ટીમે બાતમીના આધારે વ્યારામાં ઉનાઈ નાકા પાસે અંબાજી મંદિરની સામે આવેલા દાણાચણા અને પાનના ગલ્લામાં વિક્રમ સીતારામ ભોઈ (ઉ.વ.30) (રહે.,દાદરી ફળિયું, વ્યારા)ને પ્રતિબંધિત ગો ગો સ્મોકિંગ પેપર નંગ-3 કિં.રૂ.30 સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આરોપીએ પ્રતિબંધિત ગો ગો સ્મોકિંગ પેપર ઓનલાઈન ઓર્ડર કરીને મંગાવ્યા હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું.

પીપોદરા GIDCમાં ૧૬ જુગારી ઝડપાયા, ૩ સંચાલક વોન્ટેડ

રૂપિયા 1.51 લાખનો મુદ્દામાલ કબજે કરાયો

ઈબ્રાહીમ કાનુ

હથોડા, પલસાણાઃ સુરત ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્ક્વોડે પીપોદરાની એક ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના રૂમમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી ૧૬ જુગારીને ઝડપી લીધા છે. જ્યારે જુગાર રમાડનાર ૩ મુખ્ય સંચાલકોને વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે કુલ 1.51 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

એલસીબી ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે ખાનગી રાહે બાતમી મળી હતી કે, પીપોદરા ગામની સીમમાં આવેલ ગુરુકૃપા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટના હરિઓમ કોમ્પ્લેક્સના રૂમ નં-૧૨૭માં રાકેશ પકોડો, તેનો ભાઈ રાજા અને બિષ્ણુપ્રસાદ મલિક બહારથી માણસો બોલાવી ગંજીપાનાનો હારજીતનો જુગાર રમાડી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે પંચોની હાજરીમાં રેઈડ કરતાં સ્થળ પરથી ૧૬ ઈસમ જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. પોલીસે ઘટના સ્થળેથી કુલ રૂ.૧,૫૧,૩૯૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં દાવ પરની રોકડ રૂ.૧૫,૫૦૦, અંગજડતીના રોકડા ૭૭,૩૮૦ અને રૂ.૫૭,૫૦૦ની કિંમતના ૧૩ નંગ મોબાઈલ ફોનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગંજીપાનાની કેટ અને પ્લાસ્ટિકની ધરી જેવો સામાન પણ કબજે લેવામાં આવ્યો છે. જુગારધામ ચલાવનાર મુખ્ય સંચાલકો બિષ્ણુપ્રસાદ મલિક, પદ્મનાભ બિજયકુમાર મલિક ઉર્ફે રાકેશ પકોડો અને ત્રિલોકચંદ ઉર્ફે રાજા બિજયકુમાર મલિકને પોલીસે વોન્ટેડ જાહેર કરી તેમને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

ઝડપાયેલા આરોપીઓનાં નામ

ગોલા કંધ બહેરા, ટુલ્લુ અભિરામ બહેરા, બેની સુરેશ સાહુ, કૈલાસ માધવ બસંતીયા, પિતાંબર ભાયગો નાહક, મુન્નુ ધરમરાજ સોની, બાબુલા હરીયા બહેરા, ઉનંથ બીજય સ્વાઈન, અંકુશ બંસરાજ સિંઘ, બલરામ વૃંદાવન બહેરા, બબલુ પ્રભાકર જૈના, ટુન્ના ખલી જૈના, કાનુચરણ નિરાકાર જૈના, અરૂન છઇલ જૈના, બલરામ જયરામ સ્વાઇ સંજયકુમાર હરીબંધુ પાલ

આંબાખાડી અને મોટા સોરવાથી બિનઅધિકૃત મોરમ ખનન ઝડપાયું

ભરૂચ, ઝઘડિયાઃ ભૂસ્તરશાસ્ત્રી ભરૂચની સૂચના અન્વયે ભૂસ્તરવિજ્ઞાન અને ખનીજ કચેરી ભરૂચની ક્ષેત્રિય તપાસ ટીમ દ્વારા આકસ્મિક ખનીજ વહન તપાસ હાથ ધરવામાં આવી હતી. જે હેઠળ ગુરુવારે ભરૂચ ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતાની તપાસ ટીમ દ્વારા ઝઘડિયાના આંબાખાડી અને મોટા સોરવા ખાતે હાર્ડ મોરમ ખનીજના બિનઅધિકૃત ખનન/વહન અન્વયે આકસ્મિક તપાસ હાથ ધરતાં કુલ 2 ટાટા હિટાચી એક્સકેવેટર મશીન તથા કુલ 5 ડમ્પર ઝડપાયાં હતાં. જેનો આશરે કુલ રૂ.2.50 કરોડનો મુદ્દામાલ સીઝ કરી આદિનાથ મિનરલ્સ, મોટા સોરવા, તા.ઝઘડિયા, જિ.ભરૂચ ખાતે મૂકી વધુ કાર્યવાહી કરી છે.